ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0




તડામાર તૈયારીઓ - સચિવાલયના પટાંગણમાં મંગળવારે સવારે નવા મંત્રીમંડળના શપથવિધિ માટે યુદ્ધના ધોરણે તૈયારીઓ ચાલી રહી છે... રાત-દિવસ ચાલતી તૈયારીઓને આજે સાંજે આખરી ઓપ અપાઈ રહ્યો છે... ૧૨ હજારથી વધારે મહેમાનો, ૨૦૦ સંતો-મહંતો અને ૧૫૦ વીવીઆઈપી મહેમાનો માટે અલગ-અલગ ત્રણ મંચ તૈયાર કરાઈ રહ્યા છે... આ ઉપરાંત ૧૨ એલઈડી સ્ક્રીન ગોઠવાયા છે... જેથી સમગ્ર કાર્યવાહી સરળતાથી સૌ માણી શકે...

# આજે ગાંધીનગરમાં પ્રધાનમંત્રી અને ૧૮ મુખ્યમંત્રીઓ

**ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમવાર પ્રધાનમંત્રી સહિત દેશના ૧૮ રાજ્યના મુખ્યમંત્રીઓની ઉપસ્થિતિમાં શપથવિધિ સમારોહ યોજાશે**
**ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ, કેન્દ્રીય મંત્રીઓ તથા પક્ષના રાષ્ટ્રીય પદાધિકારીઓની વિશેષ ઉપસ્થિતિ**

ગાંધીનગર, તા. ૨૫

વિજય રૂપાણી સરકારના શપથવિધી કાર્યક્રમને યાદગાર બનાવવા માટે જોરદાર તૈયારી કરી લેવામાં આવી છે. શપથવિધી કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને દેશના ૧૮ રાજ્યોના મુખ્યપ્રધાન ખાસ હાજર રહેનાર છે. જે રાજ્યોમાં ભાજપની સરકાર છે તે તમામ રાજ્યોના મુખ્યપ્રધાનોને શપથવિધીમાં સામેલ થવા માટે આમંત્રણ આપવામાં આવ્યુ છે. તમામ સામેલ થવા માટેની તૈયારી પણ દર્શાવી ચુક્યા છે. આ ઉપરાંત કેન્દ્રિય પ્રધાનો, ભાજપના અનેક ટોપના હોદ્દેદારો, મોટી સંખ્યામાં બાજપના કાર્યકરો અને વરિષ્ઠ સભ્યો હાજરી આપનાર છે. મોટા અધિકારીઓ અને ટોપના ઉદ્યોગપતિઓને પણ કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યુ છે. શપથવિધી મારફતે શક્તિપ્રદર્શનની પણ તૈયારી ભાજપ દ્વારા કરવામાં આવી છે. શપથવિધી કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો પણ હાજર આપનાર છે.

## સાંજથી એરપોર્ટ પર વીઆઈપીનો ધમધમાટ

**એરપોર્ટ પર સ્વાગત અને સુરક્ષાની વિશેષ વ્યવસ્થા : કેટલાક વીવીઆઇપી મહાનુભાવોનું તો ચાર્ટર્ડ પ્લેન દ્વારા સીધા જ અમદાવાદ એરપોર્ટ પર ઉતરાણ કરી ચુક્યા છે**

ગાંધીનગર, તા. ૨૫

ભાજપની નવી સરકાર અને નવા પ્રધાનંડળના શપથવિધિ સમારોહમાં આમંત્રિત વીઆઈપી અને વીવીઆઈપી સહિતના મહાનુભાવોની આગતા સ્વાગતા તેમ જ સુરક્ષાને લઈ અમદાવાદ એરપોર્ટ પર ખાસ વ્યવસ્થા અને આયોજન કરવામાં આવ્યા છે. ભાજપ સરકારના શપથવિધિ સમારોહ અને વીઆઈપી અને વીવીઆઈપી સહિતના મહાનુભાવોની ચહલપહલને લઈને અમદાવાદ એરપોર્ટ પર જબરદસ્ત ધમધમાટ જોવા મળ્યો હતો. કેટલાક વીવીઆઈપી મહાનુભાવો તો ચાર્ટર્ડ પ્લેન મારફતે સીધા જ અમદાવાદ એરપોર્ટ પર ઉતરાણ કરી રહ્યા છે. અમદાવાદ એરપોર્ટ ઓથોરીટીને આ મહાનુભાવોની સત્તાવાર માહિતી પણ પ્રાપ્ત થઈ ગઈ છે.

બીજીબાજુ, જે વીઆઈપી, વીવીઆઈપી સહિતના મહાનુભાવો આળે તેમના માટે વીવીઆઈપી ગેટ પરથી લઈ જવાનું આયોજન વિશેષ પ્રકારે કરાયું છે અને તેના અનુસંધાનમાં લોખંડી સુરક્ષા કવચ પણ ઉભુ કરી આજે તેનું રિહર્સલ પણ કરવામાં આવ્યું હતું. અમદાવાદ એરપોર્ટ પર આજે ત્રણ ચાર્ટર્ડ પ્લેનમાં તો, મુખ્યપ્રધાન ચંદ્રાબાબુ નાયડુ, ઉતરાખંડના મુખ્યપ્રધાન ત્રિવેન્દ્રસિંહ રાવત, આસામના મુખ્યમંત્રી સરબાનંદ સોનેવાલ અમદાવાદ પહોંચી ગયા હતા. આ સિવાય કેટલાક વીવીઆઈપી મહાનુભાવો મોડી સાંજે તેમ જ રાત્રે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા.

દેશભરમાંથી આમંત્રિત વીઆઈપી અને વીઆઈપી સહિતના મહાનુભાવોની આગતાસ્વાગતમાં કોઈ કસર ના રહી જાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે તો સાથે સાથે તેઓની સુરક્ષાને લઈને પણ લોખંડી સલામતી વ્યવસ્થા તૈનાત કરાઈ છે. તમામ આમંત્રિત વીઆઈપી અને વીઆઈપી મહાનુભાવોને શપથવિધિ સમારોહના સ્થળ પર લઈ જવા માટે પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે અને તેમની સાથે ભાજપના કાર્યકરો અને સ્થાનિક નેતાઓની ટીમને પણ મૂકવામાં આવી છે.

## ૨૨ વર્ષ પછી આજ મેદાન પર રાજકોટનો કાર્યકર શપથ લેશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં સચિવાલય સંકુલમાં ૨૨ વર્ષ પછી આજે રાજયમાં નવી સરકારનો શપથવિધિ સમારોહ યોજાશે.

૧૯૯૫માં ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારે મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે હેલિપેડના આ મેદાન પર હોદ્દા અને ગુપ્તતાના સોગંદ લીધા હતા.

૨૨ વર્ષ પછી એ જ મેદાન પર રાજકોટની જ વ્યકિત આજે મુખ્યમંત્રી પદના હોદ્દા અને ગુપ્તતાના સોગંદ લેશે. આજે શપથવિધિ પૂર્વે પદનામિત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને પદનામિત નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલના આર્શીવાદ લેવા પહોંચ્યા હતા. આ એક યોગાનુયોગ છે.

# રાજ્યની રચના પછીની રચાયેલ સરકારોની વણકથી વાતો

ગાંધીનગર, તા. ૨૫

૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના પછી રાજ્યમાં રચાયેલી વિવિધ સરકારોની કેટલીક વણકથીવાતો અહીં રજૂ કરી છે.

ગુજરાતમાં દ્વિપક્ષી શાસક પ્રથા અમલી બનેલી જોવા મળી છે. રાજ્યમાં બીજીવાર મુખ્યમંત્રી તરીકે વિજયભાઈ રૂપાણી જવાબદારી સ્વીકારી રહ્યા છે ત્યારે રાજકીય આટાપાટાના રસિકોને આ વાત ગમશે.

**● કેટલાંક રસપ્રદ તારણો :**

- સહુથી વધારે વખત (૪) શ્રી માધવસિંહભાઈ સોલંકીએ મુખ્યમંત્રીપદ શોભાવ્યું.
- મુખ્યમંત્રી તરીકે સહુથી લાંબો કાર્યકાળ શ્રી નરેન્દ્રભાઈ મોદી (૭ ઓક્ટોબર ૨૦૦૧ – ૨૨ મે ૨૦૧૪)નો રહ્યો.
- સહુથી ટૂંકો કાર્યકાળ માધવસિંહભાઈ સોલંકીના નામે રહ્યો. (૧૦ ડિસેમ્બર ૧૯૮૯ થી ૪ માર્ચ ૧૯૯૦)
- મુખ્યમંત્રી પદ ભોગવવાની સાથે રાષ્ટ્રીય ફલક પર વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રજૂ થઈ પોતાના પક્ષને બહુમતીથી વિજય અપાવી સીધા વડાપ્રધાન તરીકે રાષ્ટ્રીય રાજનીતિમાં પદાર્પણ કરવાનું માન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફાળે જાય છે.
- એ જ રીતે લોકશાહીની કોઈપણ સંસ્થામાં હોદ્દો ન સંભાળી સંગઠનમાંથી સીધા જ સત્તાની રાજનીતિમાં દાખલ થઈ મુખ્યમંત્રી પદ સંભાળવાનું માન પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફાળે જાય છે.
- રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બનવાનું માન શ્રીમતી આનંદીબેન પટેલને નામે જાય છે.
- રાજ્યના ૨૨ મુખ્યમંત્રીઓમાંથી માત્ર બે જ પોતાનો પૂર્ણ કાર્યકાળ પુરો કરી શક્યા. જેમાં શ્રી માધવસિંહભાઈ સોલંકીએ (૭ જુન ૧૯૮૦ – ૧૦ માર્ચ ૧૯૮૫) અને શ્રી નરેન્દ્રભાઈ મોદી (૭ ઓક્ટોબર ૨૦૦૧ – ૨૨ મે ૨૦૧૪).
- એક જ પક્ષના સહુથી વધુ ધારાસભ્યો (કોંગ્રેસ ૧૪૯) સાથે માધવસિંહભાઈ સોલંકીની બીજી ઈનીંગ્સ શરુ થઈ. આ રેકોર્ડ હજુ તૂટ્યો નથી. સાથો સાથ આટલી મોટી બહુમતી હોવા છતાં માધવસિંહભાઈનો મુખ્યમંત્રીનો કાર્યકાળ ચાર મહિના કરતાં પણ ઓછો રહ્યો અને અનામત આંદોલનને કારણે તેમને જવું પડ્યું. તેમના અનુગામી તરીકે શ્રી અમરસિંહભાઈ ચૌધરી મુખ્યમંત્રી બન્યા.
- આ ૧૪મી વિધાનસભા બનશે અને ૨૪મા મુખ્યમંત્રી બનશે એટલે સરેરાશ સત્ર દીઠ બે મુખ્યમંત્રીઓ બદલાય એવી ગુજરાતના રાજકારણની તાસીર રહી છે.
- માત્ર બે જ વાર મિશ્ર સરકાર (૧૧ એપ્રિલ ૧૯૭૭ – ૧૭ ફેબ્રુઆરી ૧૯૮૦) અસ્તિત્વમાં આવી જેમાં બાબુભાઈ જશભાઈના વડપણ નીચે અસ્તિત્વમાં આવી જ્યારે કોંગ્રેસ ૭૫ સભ્યો સાથે વિરોધપક્ષમાં બેઠી. ત્યારબાદ જનતાદળ ગુજરાત અને ભાજપનું શાસન (૪ માર્ચ ૧૯૯૦ – ૨૫ ઓક્ટોબર ૧૯૯૦) ચીમનભાઈ પટેલના વડપણ હેઠળની સરકારરુપે અસ્તિત્વમાં આવી.

## ભાજપે રાજ્યને પાંચ મુખ્યમંત્રી આપ્યા

ગાંધીનગર, તા. ૨૫

સુશાસનથી સુરાજ્યના નારા સાથે ભાજપે ગુજરાતમાં પાંચ મુખ્યમંત્રી આપ્યા છે.

ગુજરાતમાં ૨૨ વર્ષના શાસનકાળમાં સામાજિક સમરસતાને અગ્રતા આપી ભાજપે તેની સત્તા જાળવી રાખવામાં સફળતા મેળવી છે.

આજે ૨૨ વર્ષ પછી રાજકોટનો જ નાગરિક એ જ હેલીપેડના મેદાનમાં બીજીવાર રાજ્યની ધુરા સંભાળશે. અગાઉ ભાજપમાંથી કેશુભાઈ પટેલે બે વખત મુખ્યમંત્રી પદ સંભાળ્યું છે.

ભાજપે અત્યાર સુધી આપેલા પાંચ મુખ્યમંત્રીમાંથી ત્રણ પૂર્વ મુખ્યમંત્રીઓ હાલ ગાંધીનગરમાં જ વસવાટ કરી રહ્યા છે. કેશુભાઈ પટેલ, સુરેશભાઈ મહેતા, નરેન્દ્રભાઈ મોદી, આનંદીબેન પટેલ અને વિજયભાઈ રૂપાણીનો સમાવેશ થાય છે. ત્રણ પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, સુરેશભાઈ મહેતા અને આનંદીબેન પટેલ હાલ ગાંધીનગરમાં જ વસવાટ કરી રહ્યા છે જે ઉલ્લેખનીય છે.

## શપથવિધિ માટે શામિયાણો બાંધી રહેલા ત્રણ મજુરો પટકાયા : એકનું મૃત્યુ

**ડોમ બનાવવા ઉંચાઈ ઉપર ચઢીને એંગલ સેટ કરતી વખતે વહેલી સવારે ઘટના સર્જાઈ : બે મજુરો ખાનગી હોસ્પિટલમાં દાખલ**

ગાંધીનગર, તા. ૨૫



વિધાનસભાની ચૂંટણીમાં વિજય મેળવીને સત્તા સ્થાને બેસનાર ભાજપ સરકારના પદનામિત મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રી અને તેમના મંત્રી મંડળની શપથવિધિ આવતી કાલે ૨૬ ડિસેમ્બરે સચિવાલય સંકુલમાં હેલીપેડ ગ્રાઉન્ડમાં રાખવામાં આવી છે ત્યારે શામિયાણો અને સ્ટેજ બાંધવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આજે વહેલી સવારે સાડા ચાર વાગ્યે ડૉમ બનાવવા ઉંચાઈ ઉપર ચઢેલા ત્રણ મજુરો કોઈ રીતે ઉપરથી નીચે જમીન પર પટકાતા ગંભીર ઘટના સર્જાઈ હતી. જેમાં ત્રણેય ઘાયલોને ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદની હોસ્પિટલ લઈ જવાયા હતા. હોસ્પિટલમાં એક મજુરનું સારવાર દમરિયાન કરૂણ મૃત્યુ નિપજતા ચકચાર મચી જવા પામી છે. જયારે બે મજુરો હજુ સારવાર હેઠળ છે. સે-૭ પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.

વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ ૯૯ બેઠક મેળવીને સતત છઠ્ઠી વખત સત્તા ઉપર આવી છે. ભાજપ દ્વારા વિજય રૂપાણીને મુખ્યમંત્રી પદ માટે પદનામિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ૨૬ ડિસેમ્બર એટલે કે આવતી કાલે

● અનુસંધાન પાન-૭ પર



શુભાશિષ - રાજ્યના પદનામિત મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પદનામિત નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે શપથવિધિ સમારોહની પૂર્વ સંધ્યાએ ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના આશીર્વાદ મેળવ્યા હતા...

## શહેરમાં સતત બીજા દિવસે ઠંડી યથાવત : પારો ૯.૮ ડિગ્રી

**ઠંડા પવનોનું જોર વધતા દિવસે પણ અનુભવાતી કાતિલ ઠંડી : આખો દિવસ ગરમ વસ્ત્રો પહેરવા પડે છે**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં સતત બીજા દિવસે પણ કાતિલ ઠંડી યથાવત રહી હતી. લઘુત્તમ તાપમાન ૯.૮ ડિ.સે. નોંધાયું હતું.

વાદળો હટતા જ ઠંડીનું જોર એકાએક ખુબ જ વધી ગયું છે. લઘુત્તમ તાપમાન ગઈ કાલે ૯.૫ ડિ.સે. નોંધાયું હતું. આજે પણ ઠંડીમાં કોઈ ખાસ રાહત મળી ન હતી. વહેલી સવારે આકરી ઠંડીનો અનુભવ થયો હતો. ખુબ ઠંડી પડતા વસાહતીઓને ઘરમાં જ પુરાઈ રહેવાની ફરજ પડી હતી. આખો દિવસ ગરમ વસ્ત્રો પહેરવાની જરૂરીયાત ઉભી થઈ હતી. ઘરના બારી બારણાં બંધ રાખવા પડયા હતા. આખો દિવસ ઠંડા પવનો ફુંકાતા રહ્યા હતા. સાંજ પડતા પુનઃ ઠંડીનું જોર વધતા વસાહતીઓ ઘરમાં પુરઈ ગયા હતા. માર્ગો સુમસામ બની ગયા હતા. સેકટરના આંતરિક માર્ગો તો રાત્રે આઠ વાગ્યાથી જ સુમસામ લાગતા હતા. હજુ એકાદ અઠવાડિયું ઠંડીનું જોર રહેશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે.

એકાએક ઠંડીમાં વધારો થતા રસ્તા મોડી સાંજે જ સુમસામ બની રહ્યા છે. રાજ્યમાં નલિયા સૌથી વધારે ઠંડુ રહ્યુ હતુ. અહીં લઘુતમ તાપમાન ૮.૮ ડિગ્રી રહ્યુ હતુ. રાજ્યના જે ભાગોમાં વધારે ઠંડીનો અનુભવ આજે થયો હતો તેમાં ડીસા, ગાંધીનગર, વડોદરા, વલસાડ, મહુવા, નલિયાનો સમાવેશ થાય છે. જોકે ક્રિસમસના પર્વ ઉપર જેટલી ઠંડીનો અનુભવ સામાન્ય રીતે થાય છે તેટલો અનુભવ થયો નથી. સવારમાં ગાંધીનગરમાં પણ આંશિકરીતે ધુમ્મસની સ્થિતિ જોવા મળી રહી છે.

### ક્યા કેટલું તાપમાન

| | |
|---|---|
| નલિયા | ૮.૮ |
| ગાંધીનગર | ૯.૮ |
| અમરેલી | ૧૦.૨ |
| કંડલા એરપોર્ટ | ૧૧ |
| વલસાડ | ૧૧.૧ |
| અમદાવાદ | ૧૧.૨ |
| ડિસા | ૧૧.૨ |
| વડોદરા | ૧૧.૪ |

## પાટનગરની રાજકીય અટકળો એ દિવસની ચર્ચાના મુદ્દા બન્યા

**રાજ્ય મંત્રીમંડળ દ્વિસ્તરીય રહેશે? બે તબક્કે મંત્રીમંડળની રચના થશે? સુશાસનથી સુરાજ્ય તરફની ગતિ એ જ નવો સંકલ્પ રહેશે? જેવી અટકળો**

ગાંધીનગર, તા. ૨૫

રાજય મંત્રીમંડળની રચના દ્વિસ્તરીય હશે કે ત્રિસ્તરીય તેની અટકળો પાટનગરમાં જોરશોરથી ચાલી રહી છે. જો કે મોટા ભાગે રાજકીય વર્તુળો દ્વિસ્તરીય મંત્રીમંડળ જ રચાશે તેવું સ્પષ્ટ માની રહ્યા છે.

આજે રાજયના નવા મંત્રીમંડળની રચનાને આખરી ઓપ આપતાં પહેલાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ અને પદનામિત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પદનામિત નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ અને પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી વચ્ચે લાંબી ચર્ચાઓ થઈ હતી.

આજે સાંજે રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ અમદાવાદ આવી પહોંચ્યા હતા અને આ ચર્ચાનો દોર શરુ થયો હતો તેમ રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

મળતા નિર્દેશ મુજબ રાજય મંત્રીમંડળની રચના બે તબક્કામાં થશે. આજે ૭ થી ૮ કેબિનેટ મંત્રી અને ૧૨ થી ૧૪ રાજયમંત્રીઓ શપથ લેશે તેવા નિર્દેશ મળી રહ્યા છે.

આ પછી રાજય વિધાનસભાના અંદાજપત્ર સત્ર બાદ રાજય મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. રાજય મંત્રીમંડળની રચના પછી રાજયનું અંદાજપત્ર તૈયાર કરવાનો પડકાર સૌથી મોટો છે. માત્ર ૩૦ થી ૪૦ દિવસના સમયગાળામાં જ તે તૈયાર કરવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે.

રાજય સરકારની રચના અને તે પછીની ખાતાઓની ફાળવણી પર સૌની નજર મંડાયેલી છે. રૂપાણીએ નવા નેતા તરીકે પુનઃ પસંદગી પામ્યા બાદ ખાત્રી આપી હતી કે રાજય-કેન્દ્ર સરકાર બે મારી સરકારની અનુભૂતિ અમે સૌને કરાવીશું અર્થાત સુશાસનથી સુરાજયની દિશામાં એક મહત્વનું કદમ રહેશે.

૨૨ વર્ષના ભાજપના શાસનમાં અનેક વહીવટીય રીતે ઐતિહાસિક કહી શકાય તેવા નિર્ણયો ભાજપે લઈ અને વહીવટીય પ્રથામાં આમૂલ પરિવર્તનો કર્યા છે જે નોંધનીય છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com